No. of Printed Pages : 4 **BGULA-135**

# B.A. General (BAG)

# Term-End Examination

# December, 2023

## BGULA-135 : Modern Indian Language : GUJARATI

*Duration : 3 Hours* *Maximum Marks: 100*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 4 **BGULA-135**

# બી.એ. સામાન્ય (BAG)

# ટર્મ–એન્ડ એક્ઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

# ડિસેમ્બર – 2023

## BGULA-135 : આધુનિક ભારતીય ભાષા : ગુજરાતી

સમય : *3* કલાક મહત્તમ અંક : 100

---

**નોંધ :** 1. બધા સવાલો જરૂરી છે.

2. બધા સવાલોના જવાબ આપવા જરૂરી છે.

---

1. નીચેનામાંથી કોઈ બે વિશે લખો. 10

(a) ગુજરાતી ભાષાના ઉદ્દભવ વિશેના મતો

(b) ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળ

(c) દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દો

2. નીચેનામાંથી કોઈ બે વિશે લખો. 10

(a) નરસિંહ પૂર્વેના કોઈ બે કવિઓનું અર્પણ

(b) પ્રેમાનંદની આખ્યાનકલા

(c) નાનાલાલની કવિ તરીકેની સેવા

3. કોઈ બે વિશે લખો 10

(a) ઉમાશંકર જોશીની કવિતા

(b) ગાંધીયુગના પાંચ સર્જકોનાં નામ

(c) ગાંધીયુગના કોઈ એક વિવેચકનું કાર્ય

4. કોઈ બે વિશે લખો. 10

(a) ગુજરાતીમાં વપરાતા અરબી–ફારસી અને અંગ્રેજી શબ્દો (પાંચ–પાંચ)

(b) સર્વનામ, વિશેષણ, ક્રિયા વિશેષણ, કૃદન્ત અને ક્રિયાપદની વ્યાખ્યા

(c) ગુજરાતી ભાષાના પ્રિય સર્જક વિશે લખો (કોઈ એક)

5. નીચેનામાંથી કોઈ એક નિબંધ લખો 10

(a) કોરોના પછીની સમસ્યાઓ

(b) માતૃભાષાનું મહત્ત્વ

(b) નારી તું નારાયણી

6. એચ.એમ.પટેલ હાઈસ્કૂલ, સોજા ખાતે એક કલાર્કની જરૂર છે, તમે તમારી ઉમેદવારી નોંધાવો. 5

7. નીચેના ગદ્યખંડનો સારાંશ લખો. 5

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ મેળવે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઈ રહે છે તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ કેવળ જવાને જ તેઓ પુણ્ય માને છે પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે તેમ માને છે એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે આખા દેશનાં સાધના માર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડશે. – રવિન્દ્રનાથ ટાગોર

8. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (પાંચ) 10

(a) ગુજરાતીના નાસિકય વ્યંજનો કયા છે?

(b) 'સુંદરમ'નું નામ જણાવી, તેમની કવિતાનાં બે નામ આપો

(c) મુનશીની કોઈ બે કૃતિનાં નામ આપો.

(d) બે આધુનિક કવિઓનાં નામ આપો.

(e) ગુજરાતીમાં વપરાતાં પાંચ વિરામ ચિહ્નો જણાવો.

(f) અનુનાસિક – સાનુનાસિકનો ભેદ જણાવો.

9. જોડકાં જોડો 5

| I | | II | |
|---|---|---|---|
| (a) | સોયનું નાકું | (1) | પન્નાલાલ પટેલ |
| (b) | મળેલા જીવ | (2) | જયંત ખત્રી |
| (c) | ખરા બપોર | (3) | સિતાંશુ યશચન્દ્ર |
| (d) | અંધારી ગલીમાં સફેદ ટપકાં | (4) | જયંતી દલાલ |
| (e) | જટાયુ | (5) | હિમાંશી શેલત |

10. નીચેનામાંથી કોઈ <u>પાંચ</u> પ્રશ્નોના ઉત્તર આપો. 25

(a) "વૈશ્ણવ જન"ના લક્ષણોની યાદી તૈયાર કરો

(b) 'જય જય ગરવી ગુજરાત!'માં પ્રગટ થતું ગુજરાતનું ગૌરવ

(c) પોસ્ટ ઓફિસ વાર્તામાં પિતા–પુત્રીના પ્રેમની વિગતો આપો.

(d) 'બારણે ટકોરા'માં પ્રગટ થતી આતિથ્ય ભાવના.

(e) 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથામાં સ્ત્રીઓ વિશે શાસ્ત્રીજીનો મત જણાવો.

(f) ગામડાના ઘરના વેચાણની વાત આવતાં લેખક શું અનુભવે છે? કેમ?